બ્રહ્મસમાજ દ્વારા જીવનસાથી પસંદગી ડેટાબેઈઝ તૈયાર થશે

ગાંધીનગર, તા. ૨૭

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા બ્રાહ્મણ યુવક/યુવતીઓનો જીવનસાથી પસંદગી ડેટાબેઈઝ તૈયાર કરવામાં આવનાર છે. આ માટેનું ફોર્મ બ્રહ્મભવન, વિદ્યા લાઈબ્રેરી પાસે, સેક્ટર-૧૬ ખાતે સવારે ૧૦ થી ૧૨ તેમજ બપોરે ૩ થી ૬ દરમિયાન આવી ભરી જવાનું રહેશે. તેમજ પાસપોર્ટ સાઈઝનો ફોટો, સ્કૂલ લીવીંગ સર્ટી.ની નકલ અને અન્ય અંગત માહિતી સાથે રાખવા વિનંતી છે. આ ડેટા બેઈઝ ઈન્ટરનેટ તેમજ સંગ્રહ સ્વરૂપે પ્રસિદ્ધ કરવાની પણ યોજના છે. અન્ય વિગત માટે ફોન નં. ૨૩૨૩૫૯૩૯ અને મો. ૯૩૭૬૧૩૧૬૦૩ પર સંપર્ક કરવા વિનંતી છે.

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજની સામાન્ય સભા રવિવારે દહેગામમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામની ૨૧મી વાર્ષિક જનરલ સભા તા. ૩૦મી જૂનના રવિવારે સવારે નવ વાગે ચીનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ સમાજ સેલ દહેગામ ખાતે યોજવામાં આવશે.

પરિવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને ચાલુ વર્ષનો પ્રથમ હપ્તો ચુકવવામાં આવશે. સર્વ સભાસદ જ્ઞાતિબંધુઓને પધારવા સમાજના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ અનુરોધ કરેલ છે.

બ્રહ્મસમાજ દ્વારા બ્રાહ્મણ એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જની શરૂઆત

ગાંધીનગર, તા. ૨૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા બેરોજગાર યુવક/યુવતીઓને નોકરી મેળવવામાં તેમજ નોકરી આપનાર (એમ્પ્લોયર)ને સારા ઉમેદવાર મેળવવામાં મદદ કરવા બ્રાહ્મણ એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જની શરૂઆત કરવામાં આવનાર છે. આ માટેનું ફોર્મ બ્રહ્મભવન, વિદ્યા લાઈબ્રેરી પાસે, સેક્ટર-૧૬ ખાતે સવારે ૧૦થી ૧૨ તેમજ બપોરે ૩ થી ૬ દરમિયાન આવી ભરી જવાનું રહેશે. તેમજ પાસપોર્ટ સાઈઝનો ફોટો, સ્કૂલ લીવીંગ સર્ટી.ની નકલ અને અન્ય અન્ય શૈક્ષણિક/અનુભવ માહિતી સાથે રાખવા વિનંતી છે.અન્ય વિગત માટે ફોન નં. ૨૩૨૩૫૯૩૯ અને મો. ૯૩૭૬૧૩૧૬૦૩ પર સંપર્ક કરવા વિનંતી છે.

બ્રહ્મસમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમવર્ગોની શરૂઆત

ગાંધીનગર, તા. ૨૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા બ્રાહ્મણ વિદ્યાર્થીઓ માટે બ્રહ્મભવન, વિદ્યા લાઈબ્રેરી પાસે, સેકટર-૧૬ ખાતે ગુજરાત સરકારની નોકરીઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેન તાલીમવર્ગો/ઓપન વર્ગો વિનામૂલ્યે શરૂ કરવામાં આવનાર છે. આ માટે રસ ધરાવતાં વિદ્યાર્થીઓએ સત્વરે પાસપોર્ટ ફોટા સાથે નિયમ ફોર્મ ભરી જવા વિનંતી છે. આવી પરિક્ષા આપ્યા પછી જેનો થોડા સમયમાં ઈન્ટરવ્યુ છે તેણે પણ સત્વરે સંપર્ક કરવો. આવા તાલીમવર્ગોમાં તાલીમ આપવા ઈચ્છતા બ્રાહ્મણ નિષ્ણાંતોએ પણ સંપર્ક કરવા વિનંતી છે. ફોન નં. ૨૩૨૩૫૯૩૯ અને મો. ૯૩૭૬૧૩૧૬૦૩.

દહેગામ ખાતે રોટરી ક્લબ દ્વારા આભાર કાર્યક્રમ યોજાયો

દહેગામ, તા.૨૭

રોટરી કલબ ઓફ દહેગામ દ્વારા વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમિયાન સુંદર કાર્યક્રમો કર્યા અને ડીસ્ટ્રીકટ ૩૦૫૦ની અંદર સંસ્થાને જે એવોર્ડ મળ્યા તે માટે સંસ્થાના સભ્યો અને તેમના પરીવારનો આભાર માનવા માટે સંસ્થાના પ્રમુખ રોટે. વસંતભાઈપટેલ દ્વારા એક આભાર કાર્યક્રમનું સુંદર આયોજન ગીતાબહેન રતીલાલ પટેલ હોલ, કોલેજ કેમ્પસ, દહેગામ ખાતે કરવામાં આવ્યું હતું. ખાસ આમંત્રીત મહેમાન તરીકે ડીસ્ટ્રીકટ ૩૦૫૦ના ડી.જી. રોટે. આશીષભાઈ દેસાઈ અને બીનાબહેન દેસાઈ ડીસ્ટ્રીકટ સેક્રેટરી રોટે. ધર્મેન્દ્રભાઈ જોષી અને દીપ્તીબહેન જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. રોટરી કલબના બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન જે સંસ્થાને મદદરૂપ થયા હતાં તેમનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

વર્ષ દરમિયાન વિવિધ જે કોઈ કાર્યક્રમો કરવામાં આવેલ તેના ફળ સ્વરૂપે ડીસ્ટ્રીકટ ૩૦૫૦માંથી સંસ્થાને સાત એવોર્ડ મળ્યા છે અને રોટેકટ કલબ ઓફ દહેગામ આર.આઈ. સાઈટેશનથી પણ એવોર્ડ મળેલ છે.

તાજેતરમાં ઉત્તરાખંડમાં જે પરિસ્થિતિ સર્જાઈ અને હજારો લોકો મૃત્યુ થયા અને કેટલાંય જીવન મરણ વચ્ચે જોલા ખાય છે તેઓને મદદરૂપ થવા માટે સંસ્થાએ રૂપિયા ૫૫,૦૦૦ ની રકમ સભ્યો અને આમંત્રીત મહેમાનો દ્વારા ભેગી કરી છે.

દત્ત ત્રિમૂર્તિ મંદિર પાટોત્સવ નિમિત્તે પદયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા શ્રી રંગ અવધૂત પરિવારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરના ત્રિમૂર્તિ દત્ત મંદિરના ૨૯મા પાટોત્સવ નિમિત્તે ૨૭, ૨૮ અને ૨૯ દરમિયાન પાલખી, ધજા અને પદયાત્રાનો કાર્યક્રમ યોજાશે.

દહેગામ તાલુકાના હાથીજણ ગામેથી પાલખી, ધજા સાથેની પદયાત્રા આજે ૨૮મી જૂન ૨૦૧૩ના રોજ બપોરના ૧ કલાકે નિકળશે. મગોડી મુકામે રાત્રિ રોકાણ કરી ૨૯મીના રોજ સવારે ૪ કલાકે મગોડીથી પ્રસ્થાન કરી ગાંધીનગર શહેરના વનચેતના સર્કલ થઈને સેકટર-૨૯, સેકટર-૩૦માંથી નિકળીને ત્રિમૂર્તિ દત્ત મંદિર સેકટર-૨૮ ગાંધીનગર ખાતે પહોંચશે. ત્રિમૂર્તિ દત્તમંદિર ગાંધીનગર ધજા આરોહણ બાદ દત્તયાગનો પ્રારંભ નારેશ્વરના આચાર્ય સર્વદમન દ્વારા કરાવાળા કરાવશે. સાંજે ૫.૩૦ કલાકે પૂર્ણાહૂતિ બાદ ધોરણ ૧ થી ૧૨માં સારા માર્કસ સાથે ઉત્તીર્ણ થયેલા બાળકોને શ્રી રંગ પારિતોષિક વિતરણ કરવામાં આવશે એમ પ્રમુખ પૂનમભાઈ પટેલે જણાવ્યું છે.

આજે બ્રહ્મસમાજ મહિલા પાંખ શ્રદ્ધાંજલિરૂપે આનંદનો ગરબો યોજશે

ગાંધીનગર, તા. ૨૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર સંચાલિત સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા આજે ૨૮મી જૂન-૨૦૧૩ના રોજ શ્રદ્ધાંજલિરૂપે આનંદનો ગરબો યોજાશે.

ઉત્તરાખંડમાં થયેલા જળ પ્રલયમાં દિવંગત થયેલા મૃતાત્માને શાંતિ મળે તે માટે શ્રદ્ધાંજલિ આપવા અને ત્યાં ફસાયેલા વ્યક્તિઓને પોતાના ઘરે પરત ફરે તે માટે શક્તિ મંડળે આનંદના ગરબાનું સુંદર આયોજન કર્યું છે. આજે તા. ૨૮મી જૂન-૨૦૧૩ને શુક્રવારે બપોરે ૨.૩૦ કલાકે બ્રહ્મભવન રંગમંચની સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે આનંદનો ગરબો યોજાશે. નગરની બહેનોને હાજર રહેવા પ્રમુખ પ્રતિભાબેન દવેએ ખાસ જણાવ્યું છે.

મુખ્યમંત્રીના બંગલાની બિલકુલ નજીકથી દારૂ સાથે ત્રણ ઝડપાયા

એક શખ્સ રીક્ષામાં અને બીજા બે શખ્સો બાઈકમાં દારૂની બોટલ લઈને જઈ રહ્યા હતા ને સે. ૨૧ પોલીસે પકડી પાડ્યા

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના બંગલાને બિલકુલ અડીને આવેલા બોરીજ ગામમાંથી સે. ૨૧ પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન ત્રણ શખ્સોને વિદેશી દારૂની બોટલો સાથે ઝડપી પાડ્યા હતા. રૂ. ૯૧ હજારના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરીને પોલીસે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી દારૂ ક્યાંથી લાવ્યા હતા ? તે સહીતની વિગતો બહાર લાવવા ઉંડી પુછપરછ શરૂ કરી છે.

સે. ૨૧ પોલીસમથકના સિનિ. પી.આઈ. એસ.ડી. પટેલની સુચનાથી પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમ બોરીજ ગામ પાસેથી પેટ્રોલીંગમાં નીકળી હતી. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નિવાસસ્થાનથી વરંડો પસાર કરો એટલે બોરીજ ગામ આવી જાય. બોરીજ ગામમાં પેટ્રોલીંગ ચાલી રહ્યું હતું ત્યારે ગામમાંથી બાઈક પર નીકળેલા બે શખ્સોને પોલીસે ચેક કરતા એક દારૂની બોટલ તેમની પાસેથી મળી આવી હતી. સે. ૨૧ પોલીસે દારૂની બોટલ અને રૂ. ૧૫ હજારના બાઈક સાથે મહેરાજ સરદારજી વણઝારા અને યાદવ વિરેન્દ્ર મહાવીર નામના શખ્સોની ધરપકડ કરી લીધી હતી. તેની થોડેજ દૂર એક પેસેન્જર રીક્ષા જતી હતી. પોલીસે તેને ઉભી રખાવીને ચેકીંગ કરતાં રિક્ષામાંથી પણ એક દારૂની બોટલ મળી આવતા પોલીસે રિક્ષાચાલક પ્રકાશ વાઘાજી ઠાકોરની એક દારૂની બોટલ તથા રિક્ષા મળી રૂ. ૭૫,૪૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. સે. ૨૧ પીએસઆઈ પી.જે. સોલંકીએ કુલ રૂ. ૯૧ હજારના મુદ્દામાલ સાથે બે ગુનાઓમાં ત્રણ દારૂડીયાઓની ધરપકડ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

સ્વચ્છતા અભિયાન : ગાંધીનગર મનપા દ્વારા સંપૂર્ણ સ્વચ્છતા માટે ઝૂંબેશ આરંભાઈ છે. જે અન્વયે ગુરુવારે સેક્ટર-૩૦ ખાતે ધારાસભ્ય અને મનપાના પદાધિકારીઓએ સ્વચ્છતા ઝૂંબેશનો આરંભ કરાવ્યો હતો. સેક્ટર-૨ બાદ હવે સેક્ટર-૩૦માં ત્રણ દિવસ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન ચાલશે. સેક્ટરના ખૂણે ખૂણેથી કચરો હટાવી સેક્ટરને ચોખ્ખું ચણાક કરવા મનપા પ્રતિબંધ છે.

દિવ્ય જીવન સંઘ દસ દિવસની નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર યોજશે

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે દસ દિવસની નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે.

ગાંધીનગરના સેક્ટર-૧માં આવેલા શ્રી ગાયત્રી શક્તિપીઠ ખાતે દિવ્ય જીવન સંઘ અને ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે તા. ૧લી જુલાઈથી ૧૦મી જુલાઈ દરમિયાન યોગ ધ્યાન શિબિર યોજાશે. દસ દિવસ સવારે ૭ થી ૭.૧૫ દરમિયાન યોગ, ધ્યાન, પ્રાણાયામ, યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચુ શ્વસન, વિવિધ બિમારીઓ માટેના આસન, કસરત, શારીરિક-માનસિક આરોગ્ય વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

ચોરીના મુદ્દામાલ સાથે એક કોમ્પ્યુટર એન્જીનીયર પકડાયો

ઓફીસમાંથી ચોરેલું લેપટોપ અને મોનીટર એક બેગમાં મુકી ખ-૩ સર્કલે ઉભો હતો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરનાં સેકટર-૭માં સ્થિત એલ.જી.ની શોપમાંથી લોપટોપ-મોનીટર ચોરાયું હતું. આ ચોરીના માલ સાથે એક યુવાન ખ-૩ સર્કલ પાસે પહોંચ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે સ્થળ પર પહોંચી જઈ શંકાને આધારે તે યુવાનની પુછપરછ શરુ કરી હતી. તેની પાસેથી લેપટોપ-મોનીટર મળ્યા હતાં જેની ઊંડી પુછપરછ થતાં ચોરીનો માલ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તેની ધરપકડ કરીને વધુ તપાસ માટે સે-૭ પોલીસને સોપ્યો છે. ઝડપાયેલો યુવાન કોમ્પ્યુટર એન્જીનીયર હોવાનું જાણવા મળ્યું છે.

શહેરના ખ-૩ સર્કલ પાસે ચોરીના મુદ્દામાલ સાથે એક યુવાન ઉભો છે તેવી બાતમી મળતા ગાંધીનગર એલ.સી.બી.ની ટીમ બાતમીવાળા સ્થળે પહોંચી ગઈ હતી અને સે-૧૩ પ્લોટ નં. ૪૨૧/૨માં રહેતા નિતીન અમૃત દત્તને પકડી તેની અંગજડતી કરતાં બે લેપટોપ અને એલ.ઈ.ડી. મોનીટર મળી આવ્યા હતાં. આ મુદ્દામાલ કયાંથી લાવ્યો તેનો સંતોષકારક જવાબ ન આપી શકતા એલ.સી.બી. ઓફીસ લઈ જઈને ઊંડી પુછપરછ શરુ કરવામાં આવી હતી. જેમાં કોમ્પ્યુટર એન્જીનીયર નિતીન દત્તે કબુલાત કરી હતી કે કોમ્પ્યુટર અને મોનીટર સે-૭ ખાતે સ્થિત ઓફીસ સ્કાય સ્કવેર કંપનીમાંથી ચોર્યું હતું. પોલીસે તેની ધરપકડ કરીને વધુ પુછપરછ માટે સે-૭ પોલીસને સોંપી દીધો છે.

ઉત્તરાખંડમાં થયેલ હોનારતના પગલે દહેગામ ખાતે મૌન અને રામધુનનો કાર્યક્રમ યોજાયો

દહેગામ, તા. ૨૭

તાજેતરમાં ઉત્તરાખંડમાં આવેલ અકલ્પનિય હોનારતના પગલે દહેગામ શહેર ખાતે જે લોકો આવેલ હોનારતનો ભોગ બન્યા છે તેમજ હજુ સુધી પોતાના સ્વજનો સાથે સંપર્કમાં નથી તેવા લોકો પોતાના ઘરે સહી સલામત પહોંચે તેવા ઉમદા આશયથી રામધુન તેમજ મૃત્યુ પામેલા માટે બે મિનિટનું મૌન પાડવામાં આવ્યું હતું.

દહેગામ ખાતે ઉત્તરાખંડમાં આવેલ ખોફનાક હોનારતમાં થયેલ હજારો લોકોના મોતના કારણે અને જે લોકો હાલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે તેમના સુખદ સ્વાસ્થ્ય માટે આજે શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા એસ.ટી. ચોક, પોલીસ ચોકી પાસે સાંજે ૪ વાગ્યે રામધુન અને બે મિનિટના મૌન પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં માનવ મેદની ઉમટી પોતાના દુઃખ પ્રગટ કર્યા હતા. જેમાં આર. એસ. એસ.ના પ્રમુખ અજયભાઈ પટેલ તેમના મિત્ર વર્તૂળ સાથે વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ મહાદેવભાઈ રબારી, બજરંગ દળના પ્રમુખ અમિત ઉપાધ્યાય તેમજ તેમના મિત્રો ભારતીય જનતા પાર્ટીના દહેગામ શહેરના પ્રમુખ બિમલભાઈ અમીન તથા તાલુકા પ્રમુખ ચંદ્રેશભાઈ પટેલ તેમના કાર્યકર્તા મિત્રો સાથે રોટરી ક્લબના પ્રમુખ વસંતભાઈ પટેલ તેમના કાર્યકર્તા મિત્રો સાથે રોટરી ક્લબના પ્રમુખ વસંતભાઈ પટેલ તથા સ્વામી વિવેકાનંદ યુવક મંડળના પ્રમુખ યોગેન્દ્રભાઈ શર્મા કાર્યક્રમમાં જોડાયા હતા.

છેતરપીંડીના આરોપીને પકડવા હરીયાણા પોલીસ ગાંધીનગર આવી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેક્ટર-૨ ખાતે રહેતા યુવાન વેપારીએ હરિયાણામાં સોલાર લાઈટની બેટરીઓ કોન્ટ્રાકટ આધારે સપ્લાય કરી હતી. આ બેટરીઓ ડુપ્લીકેટ આપાઈ હોવાની હોવાની હરિયાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા હરિયાણાથી પોલીસ ગાંધીનગર આવી પહોંચી હતી અને સે-૭ પોલીસની મદદથી સે-૨નું લોકેશન જોઈને આરોપી યુવાનને દબોચી લીધો હતો.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨-ડી વિસ્તારમાં રહેતા હિતેષ નામના વેપારી

હરીયાણામાં વેચેલો સોલાર લાઈટની બેટરીનો માલ ડુપ્લીકેટ હોવાની ફરીયાદ

યુવાને હરિયાણા ખાતે કોન્ટ્રાકટ લઈને સોલાર લાઈટની બેટરીઓ સપ્લાય કરી હતી. આ સપ્લાય કરેલી યુનિવર્સ કંપનીની બેટરીઓ ડુપ્લીકેટ પધરાવી દઈ છેતરપીંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ હરિયાણાના પોલીસ મથકે નોંધાતા આરોપીની શોધખોળ માટે હરિયાણા પોલીસ ગાંધીનગર શહેરમાં આવી પહોંચી હતી. સેકટર-૭ પોલીસને સાથે રાખીને આરોપી યુવાનને પકડવા માટે હરિયાણા પોલીસની ટીમ સેકટર-૨-ડીમાં પહોંચી હતી અને છેતરપીંડીના આરોપીને ઘરેથી ઉપાડી લીધો હતો. હરિયાણા પોલીસ તેની વધુ પુછપરછ માટે હરિયાણા લઈ ગઈ હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

સે. ૧નું તળાવ ચોમાસામાં મચ્છર ઉત્પત્તિ સ્થાન બનશે

મોટાભાગની કામગીરી પૂર્ણ : ઉદ્‌ઘાટનના ઠેકાણા નથી પીકનીક સ્પોટ માટે તંત્ર પણ યોગ્ય દરકાર લેતું નથી

ગાંધીનગર, તા. ૨૭

સે. ૧ના તળાવને પીકનીક સ્પોટ બનાવવાનું સ્વપ્ન હજુ સાકાર થયું નથી. છેલ્લા ૭ વર્ષના અંતે પણ તળાવની રોનક નિખરી નથી. તળાવ તૈયાર થઈ ગયા બાદ લાંબા સમયના અંતે લોકાર્પણ કાર્યક્રમના પણ ઠેકાણા ન પડતા તળાવ વિકાસની કાર્યયોજના લોકભોગ્ય બની શકી નથી. ચોમાસા દરમિયાન તળાવમાં ભરાતા વરસાદી પાણીના લીધે મચ્છરોની ઉત્પત્તિનું સ્થાન બનશે.

સે. ૧ના તળાવને ટુરીસ્ટ પોઈન્ટ બનાવવા ૭ વર્ષ પૂર્વે કામ શરૂ કરાયું હતું. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં તળાવ વિકાસની યોજનાનું કામ શરૂ કરાયું હતું. અગાઉ બે વર્ષ તળાવનું કામ સદંતર બંધ રહ્યા બાદ માંડ તળાવ તૈયાર થયું છે. તળાવ આસપાસના વિસ્તારમાં પણ હરિયાળી લોન ઉછેરવા ઉપરાંત પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. જ્યારે હાલ તંત્ર દ્વારા ફૂડકોર્ટ બનાવવાનું કામ પણ શરૂ કરી દેવાયું છે. તળાવના પેચવર્ક સહીતની મોટાભાગની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. વરસાદી દિવસો સિવાય તળાવમાં નર્મદાનું પાણી ભરાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારે ચોમાસા દરમિયાન તળાવમાં વરસાદી પાણીનો ભરાવો થશે. પરંતુ આ તબક્કે અધુરી કામગીરીના લીધે તંત્રકક્ષાએથી બેદરકારી દાખવવામાં આવશે તો પીકનીક સ્પોટ બનતા પૂર્વે તળાવ મચ્છર ઉત્પત્તિ સ્થાન બની જશે. તળાવ મોટાભાગે તૈયાર થઈ ગયું છે પરંતુ ઉદ્‌ઘાટન વિધિના પણ હજુ ઠેકાણા નથી. ત્યારે કરોડોના ખર્ચે વિકસાવાયેલ તળાવ વિકાસની યોજના સહેલાણીઓ માટે આનંદ પ્રમોદનું સ્થાન બને તે પૂર્વે નગરજનો માટે નવી સમસ્યાઓ ઉભી કરે તેવી સ્થિતિ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૧૬

તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૬૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઘનચક્કર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રાંઝણા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
યે જવાની હૈ દિવાની : ૧૨.૪૫
ફુકરે : ૪.૦૦
ઘનચક્કર : ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
ઘનચક્કર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

સૂર્યા, વાવોલ

ચિત્તા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
એનીમી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઘનચક્કર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રાંઝણાઃ ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
એનીમી : ૧૦.૪૫, ૪.૧૫,
શોર્ટકટ રોમિયો : ૧.૩૦, ૧૦.૦૦

વિરાગ, કલોલ

મંગલફેરા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : વિવાદોથી બચવું. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

કન્યા : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. નિષ્ઠાથી કાર્ય કરો. સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

મકર : યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. સહયોગ અને સારા સંબંધોને કારણે લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

કુંભ : સંગીતક્ષેત્રમાં રૂચિ વધશે. ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિધ્ધ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

મીન : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. સજનબા કુબેરજી બિહોલા (ઉ.વ.૭૫) મુ.પો.પાલજ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. દિપીકાબેન મનોજભાઈ દંતાણી (ઉ.વ.૨૫) મુ.પો. ચિલોડા મોટા, ટેકરીવાસ, તા.જી. ગાંધીનગર